જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૨/૨૦૧૯ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૫/૧૯

## ઇસનપુર પોલીસ સ્ટેશન

### અપહરણ કરી ગેરકાયદેસર ગોદી રાખી પૈસા લઇ જુદી-જુદી જગ્યાએ એક કરતા વધુ લગ્ન કરાવતી ગેંગની મુખ્ય સુત્રધારને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી જે ગુનાઓ દાખલ થાય તેના આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના મળતી હોય ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૨૧/૧૯ ઇ.પી.કો કલમ ૩૬૫,૩૭૦,૩૪૨,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના કામે ભોગ બનનાર રોમાબેન ઉર્ફે સોનુ ડો/ઓ મનોજભાઇ પટેલ ઉ.વ-૨૪ રહે,મ.નં ૬ શ્રીધર એપાર્ટમેન્ટ કુમકુમ વિદ્યાલયની સામે ઉત્તમનગર મણીનગર અમદાવાદને ગઇ તા-૧૧/૩/૧૭ ના સવારના આશરે દસેક વાગે સોસાયટીના ગેટ અંદરથી એક રીક્ષામા આવેલ બે અજાણ્યા ઇસમોએ અપહરણ કરી લઇ જઇ માયાબેન નંદુભાઇ સથવારા રહે,પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા નાઓને સોપી આ માયાબેને તેના મિત્ર પ્રકાશ મરાઠીની સાથે મળી ગેરકાયદેસર ગોદી રાખી પોતાના આર્થિક ફાયદા સારૂ રોમા ઉર્ફે સોનુ ને રીયાબેન હસમુખભાઇ પટેલનુ નામ આપી અલગ-અલગ જગ્યાએથી નાણા મેળવી એક કરતા વધુ લગ્ન કરાવેલ જે આરોપીઓને પકડી પાડવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ સાહેબે સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ વી.એન.ભરવાડ તથા સર્વેલન્સ સ્ટાફની જુદી-જુદી ટીમો બનાવી તપાસ કરતા આ ગુનામા મુખ્ય સુત્રધાર માયાબેન નંદુભાઇ સથવારા હોવાનુ જણાઇ આવેલ અને તેની તપાસ કરતા તે ઘરેથી ભાગી ગયેલ અને જુદી-જુદી જગ્યાએ રહેઠાણ બદલતી રહેતી હોય તે તમામ સરનામે તપાસ કરતા મળી આવેલ નહી અને સદરીના તમામ મોબાઇલ નંબરની છેલ્લા એક વર્ષની સી.ડી.આર મંગાવી તેનો અભ્યાસ કરી શંકાસ્પદ નંબરો વાળા ઇસમોની ઉંડાણ પુર્વક તપાસ કરતા આ માયાબેન કઠવાડા ખાતે તેના કોઇ સબંધીને ત્યા જવાની હોવાની હકિકત જાણવા મળતા પો.સ.ઇ વી.એન.ભરવાડનાઓ મહિલા ટીમ સાથે કઠવાડા પહોચી વોચમા રહેલા દરમ્યાનમા આ માયાબેન કઠવાડા ખાતે આવતા સદરીને તા-૨/૨/૧૯ ના કલાક ૧૧/૧૫ વાગે કઠવાડાથી પકડી પાડી ગુનામા અટક કરેલ છે અને હાલમા ગુનાની તપાસ ચાલુ છે તા.૦૩/૦૨/૧૯

## એ.ટી.એમ.ચોરતી ગેંગને ગણતરીના કલાકોમાં પકડી પાડતી એરપોર્ટ પોલીસ સ્ટેશન ની પોલીસ

મે.અધીક પો.કમી.શ્રી સેક્ટર ૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન૪ સાહેબ તથા મદદનીશ પો.કમી.શ્રી " જી " ડીવીઝન સાહેબનાઓનએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે,પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.સી. રાઠવા સા. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ. જે.એસ.ચંપાવત નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે હાંસોલ ગામ ચાર રસ્તા પાસેથી એરપોર્ટ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં ૦૯/૨૦૧૯ ધી ઈ.પી.કો.કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૪૨૭,૧૧૪ મુજબના કામે સરદારનગર સર્કલ પાસે આવેલ યુનીયન બેંકના એ.ટી.એમ. સેન્ટર મા રાખવામાં આવેલ પાસબુક નુ પ્રીંટર મશીન કિં રૂ.૧,૧૪,૦૦૦/-ની ચોરી કરનાર તથા એટીએમ મશીન ને તોડવાનો પ્રયત્ન કરી કિં રૂ ૭૦,૦૦૦/- નુ નુકશાન કરનાર આરોપીઓ (૧)પ્રકાશ ઉર્ફે પિક્કન ઉર્ફે ભોકો સ/ઓફ સુરેશકુમાર દ્વારકાદાસ જાતે ગુમરાની ઉવ.૩૨ રહે.મ.નં. ૧૭૪/બી સિંધી કોલોની, ખ્યાતી નીનોસ સ્કૂલની સામે, સરદારનગર અમદાવાદ (૨) આરતી ડો/ઓફ અનંત શીવરામ જાતે વાઘમારે ઉવ.૩૬ રહે.હાલ મ.નં.૧૭૪/બી સિંધી કોલોની, ખ્યાતી નીનોસ સ્કૂલની સામે, સરદારનગર અમદાવાદ શહેર મૂળ રહે બ્લોક નં ૩૭/૧૯૬૫ એમ.એચ.બી કોલોની ગાંધીનગર,બાંદ્રા પુર્વ મુંબઈ ૪૦૦૫૧ (૩) જીતુ ઉર્ફે સોનુ સ/ઓફ મુકેશભાઈ નારણભાઈ જાતે કોરી ઉ.વ.૨૦ રહે. પી.ડબ્લ્યુ.ડી ની બાજુમાં છાપરા હાંસોલ તલાવડી પાસે સરદારનગર અમદાવાદ શહેર નાઓને આજરોજ તા ૦૩/૦૨/૧૯ ના કલાક ૧૬/૦૦ વાગે ગણતરીના કલાકોમાં પકડી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય અને ઉમદા કામગીરી કરેલ છે.તા.૦૩/૦૨/૧૯

## જુગારનો ગણનાપાત્ર કેશ શોધી સારી કામગીરી કરતી બાપુનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ પ્રોહી/જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝન સા.નાઓના માર્ગદર્શન હેઠળ બાપુનગર પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી સાહેબ તથા સર્વેલન્સ સ્કોર્ડ પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.પી.તરેટીયા તથા સર્વેલન્સના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો. માયાબેન રમેશભાઇ તથા પો.કો. ધર્મેન્દ્રસિંહ અમરસિંહ નાઓને સંયુક્ત બાતમી હકીકત આધારે બાપુનગર ભક્તિનગરના નેળીયામાં આવેલ કાબરા ટ્રાવેલ્સની આગળ જાહેરમાં આ કામના આરોપીઓ (૧) ચંન્દ્રકાંતભાઇ રાવજીભાઇ પટેલ ઉવ ૪૫ રહે. જમનાદાસ મહારાજની ચાલી, બ્લોક નં. ૪૮૭ ની સામે બાપુનગર અમદાવાદ શહેર તથા (૨) જનાર્દનસિંહ નરેન્દ્રસિંહ સુર્યવંશી ઉવ ૩૭ રહે. એ/૫૨ સુર્યનગર સોસાયટી કઠવાડા રોડ નિકોલ અમદાવાદ શહેર તથા (૩) મયુરભાઇ લક્ષ્મણભાઇ ચૌહાણ ઉવ ૨૧ રહે. મ.નં. ૧૩૪ શાસ્ત્રીનગરના છાપરા બાપુનગર અમદાવાદ શહેર તથા (૪) સંજય પાનાભાઇ શ્રીમાળી ઉવ ૨૦ રહે. શાસ્ત્રીનગરના છાપરા બાપુનગર અમદાવાદ શહેર તથા (૫) નીલેષ @ નીલીયો રામેશ્વરસીંગ રાજપુત ઉવ ૨૪ રહે. મ.નં. સી/૩૩ તેજેન્દ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૨ ખોડીયારનગર રોડ નિકોલ અમદાવાદ શહેરનાઓ તા.૦૩/૦૨/૨૦૧૯ ના કલાક ૨૩/૪૫ વાગે ગોળકુંડાળુ વળી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા અંગજડતી તથા દાવાના નાણા મળી કુલ્લે રૂ.૧૧,૬૬૦/- તથા ગંજી પાના નગ ૫૨ કીમત રૂ.૦૦/૦૦ સાથે મળી આવી પકડાઈ ગયેલ હોય તેઓ વિરુદ્ધ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ જુગારનો ગણનાપાત્ર કેશ શોધી સારી કામગીરી કરેલ છે.

## બંધ ગોડાઉનના શટરના તાળા તોડી નારોલ પો.સ્ટે.તથા બોરસદ પો.સ્ટે. ની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૦૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૦૬ સા.તેમજ મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર સા.નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૫/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબની ફરિયાદના કામે તા.૨૩/૦૧/૨૦૧૯ ના કલાક ૨૧/૦૦ થી તા.૨૪/૦૧/૨૦૧૯ ના કલાક ૦૯/૦૦ વાગ્યા દરમ્યાન ફરિયાદીના બંધ ગોડાઉન સરગમ ટ્રાન્સપોર્ટ, ઝેડ.કે.એસ્ટટ, ગોડાઉન નંબર ૧૪, પીપળજ, નારોલ ખાતેથી નમુદ નથી તે ઈસમે ફરિયાદીના બંધ ગોડાઉનનુ તાળુ તોડી પ્રવેશ કરી ગોડાઉનમા પડેલ અલગ અલગ કંપનીનુ કાપડ કુલ્લે ૧૯૫૩૨.૧ મીટર જેની અંદાજીત કિંમત રૂપિયા ૧૦,૪૫,૦૦૦/- તથા તિજોરીમા પડેલ રૂપિયા ૬૧૦૦/- મળી કુલ્લે રૂપિયા ૧૦,૫૧,૧૦૦/- ની મત્તાની ઘરફોડ ચોરી થયેલ તે ઘરફોડ ચોરી સબંધે મોબાઇલ ફોન કોલ ડીટેલ તેમજ સીસીટીવી કેમેરા ની ફુટેજ અંગે સઘન તપાસ કરતા દરમ્યાન આરોપી ગોધરાની ઘરફોડ ચોરી કરવાવાળી ગેંગની હકીકત મેળવી આરોપી અસ્પાક અબ્દુલભાઇ જબા(શેખ) ઉ.વ.૨૬ રહે દંતીયા પ્લોટ ગોધરાની કબ્જાની ટાટા ટ્રક નં.GJ 09Z 9535 સાથે વોન્ટેડ આરોપીઓ સાથે મળી આ ચોરી કરેલ તેમા તેને તા.૦૧/૦૨/૧૯ ના ૧૫/૪૫ વાગ્યે પકડી રીમાન્ડ મેળવી વધુ પુછપરછ દરમ્યાન તેણે તથા અન્ય સાથે મળી ઉપરોક્ત નારોલ પોલીસ સ્ટેશન ઘરફોડ તથા બોરસદ પોલીસ સ્ટેશન હદમા બંધ ગોડાઉન(દુકાન)ના શટરના તાળા તોડી તા.૨૮/૦૧/૧૯ ની રાતના રૂ.૧,૮૮૫૫૦/- ના ટાયરોની ચોરી કરેલ તે અંગે બોરસદ પો.સ્ટે.૮/૧૯ ઇપીકો ૪૫૭,૩૮૦,૧૧૪ ના ગુનાઓનો ભેદ પણ ઉકેલવામા આવેલ છે વધુ તપાસ તજવીજ ચાલુ છે

## એ.ટી.એમ.ચોરતી ગેંગને ગણતરીના કલાકોમાં પકડી પાડતી એરપોર્ટ પોલીસ સ્ટેશન ની પોલીસ

મે.અધીક પો.કમી.શ્રી સેક્ટર ૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન૪ સાહેબ તથા મદદનીશ પો.કમી.શ્રી " જી " ડીવીઝન સાહેબનાઓનએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે,પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.સી. રાઠવા સા. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ. જે.એસ.ચંપાવત નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે હાંસોલ ગામ ચાર રસ્તા પાસેથી એરપોર્ટ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં ૦૯/૨૦૧૯ ધી ઈ.પી.કો.કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૪૨૭,૧૧૪ મુજબના કામે સરદારનગર સર્કલ પાસે આવેલ યુનીયન બેંકના એ.ટી.એમ. સેન્ટર મા રાખવામાં આવેલ પાસબુક નુ પ્રીંટર મશીન કિં રૂ.૧,૧૪,૦૦૦/-ની ચોરી કરનાર તથા એટીએમ મશીન ને તોડવાનો પ્રયત્ન કરી કિં રૂ ૭૦,૦૦૦/- નુ નુકશાન કરનાર આરોપીઓ (૧)પ્રકાશ ઉર્ફે પિક્કન ઉર્ફે ભોકો સ/ઓફ સુરેશકુમાર દ્વારકાદાસ જાતે ગુમરાની ઉવ.૩૨ રહે.મ.નં. ૧૭૪/બી સિંધી કોલોની, ખ્યાતી નીનોસ સ્કૂલની સામે, સરદારનગર અમદાવાદ (૨) આરતી ડો/ઓફ અનંત શીવરામ જાતે વાઘમારે ઉવ.૩૬ રહે.હાલ મ.નં.૧૭૪/બી સિંધી કોલોની, ખ્યાતી નીનોસ સ્કૂલની સામે, સરદારનગર અમદાવાદ શહેર મૂળ રહે બ્લોક નં ૩૭/૧૯૬૫ એમ.એચ.બી કોલોની ગાંધીનગર,બાંદ્રા પુર્વ મુંબઈ ૪૦૦૫૧ (૩) જીતુ ઉર્ફે સોનુ સ/ઓફ મુકેશભાઈ નારણભાઈ જાતે કોરી ઉ.વ.૨૦ રહે. પી.ડબ્લ્યુ.ડી ની બાજુમાં છાપરા હાંસોલ તલાવડી પાસે સરદારનગર અમદાવાદ શહેર નાઓને આજરોજ તા ૦૩/૦૨/૧૯ ના કલાક ૧૬/૦૦ વાગે ગણતરીના કલાકોમાં પકડી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય અને ઉમદા કામગીરી કરેલ છે.તા.૦૩/૦૨/૧૯

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

**મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી. શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્ટાફના માણસોએ દાખલ થયેલ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં. ૫૦૩૮/૧૯ ધી પ્રોહી કલમ ૬૬(બી)- ૬૫(ઈ) - ૮૧ - ૯૮(૨) મુજબના ગુનાના કામના આરોપી રુપેશભાઈ ઉર્ફે ભુવો સ/ઓ મહેશભાઈ નાનુભાઈ જાતે-ચુનારા ઉવ.૨૩ રહે, ચુનારાવાસ દેવીમાતાના મંદીર સામે વટવા ગામ વટવા અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૦૯/૨૦૧૯ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૦૨/૦૨/૨૦૧૯ ના કલાક ૧૮/૩૦ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપીને યોગ્ય જાપ્તા સાથે ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.**

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.